ગમે તારી આંખો જ શાથી વધારે,
મળે છે નશો મયકદાથી વધારે!

ગજાથી વધારે મેં ચાહ્યા છે તમને,
જખમ પણ મળ્યા છે ગજાથી વધારે!

નહિતર એ લઈ આવશે વાવાઝોડું,
હવા પણ ન માગીશ હવાથી વધારે!

ફકીરોની ઝોળી ભલે તર બ તર હો,
કશું પણ ન માગીશ દુવાથી વધારે!

અહીં લગ તો હું છેતરાતો જ આવ્યો,
તમે છેતર્યો છે બધાથી વધારે!

દયા ખાવા કરતાં તું કર મારી નિંદા,
મને નિંદા ગમશે દયાથી વધારે!

ખલીલ એનાં ચરણોને સ્પર્શું તો શાયદ,
સમજશે એ ખુદને ખુદાથી વધારે!

ભાંગતી મધરાતના ઘનઘોર સન્નાટામાં છું,
હું હવે અખબારમાં શોભે એવી ઘટનામાં છું!

ના, મારી નિર્દોષતાનો સાક્ષી કોઈ નથી,
આમ દેખીતી રીતે ઇન્સાફના પલડામાં છું!

પાર ઊતરું તો ન દેજે ડામ તું દાઝ્યા ઉપર,
હું વગોવાઈ ગયેલી આગના દરિયામાં છું!

ઝાડ નીચે બેઠો ત્યારે જાણ થઈ એ વાતની,
છાંયડામાં હોય છે તડકો ને હું તડકામાં છું!

હું જ મારામાંથી નીકળું તો બધાને ઓળખું,
હું મારી માથાફરેલી જાતના પંજામાં છું!

સૌએ સૌનાં કામ પૂરતો વહેંચી લીધો છે મને
આમ કોઈનો નથી ને સર્વના હિસ્સામાં છું!

ના ખલીલ આજેય મારું સ્થાન મેં ખોયું નથી,
કોઈના વિશ્વાસમાં છું કોઈની શ્રદ્ધામાં છું!

મુરશિદોને સલામ કર ભઈલા,
સદ્ગુરુને પ્રણામ કર ભઈલા.

બાપનું નામ શું વટાવે છે,
જગમાં તું ખુદનું નામ કર ભઈલા!

તારો બંગલો તને મુબારક હો,
ક્યાંક દિલમાં મુકામ કર ભઈલા!

કોઈ ઇચ્છાને વશ ન થઈ જા તું,
ઇચ્છાઓને ગુલામ કર ભઈલા!

એ જ ઉત્સાહ છે, ઉમળકો છે,
જા હજી ધૂમધામ કર ભઈલા!

રાહબરની જરૂર શા માટે,
આત્મબળને ઇમામ કર ભઈલા!

કામ તારું ખલીલ જલસા છે,
બસ હવે એ જ કામ કર ભઈલા!

■

એક પીળા પાંદડે કૂંપળને પંપાળી હતી,
કાન ભંભેર્યા હવાએ કે નિયત કાળી હતી!

ચાંદ સામે તારા ચહેરાએ ખરી ટક્કર લીધી,
રાત એથી તો શરદપૂનમની અજવાળી હતી!

તે દિવસ એકાંતનો તમને અનુભવ શું થયો,
મેં તો મારી જાતને મુશ્કિલથી સંભાળી હતી!

જિન્દગીનો કોઈ દિવસ ભાર ક્યાં લાગ્યો મને,
જિન્દગી પણ ક્યાં કદી મારાથી કંટાળી હતી!

એક પળ દર્શન દઈ ગાયબ થયું એ કોણ હતું,
જિન્દગીની એક ઝલક મેં દૂરથી ભાળી હતી!

મારા માટે તો વિધાતાએ લખી'તી પાનખર,
પણ મેં મારી જિદ પ્રમાણે જિન્દગી ગાળી હતી.

જે દિવસ માટે ખલીલ એણે સમય નક્કી કર્યો,
એ દિવસની ગાંઠ મેં રૂમાલમાં વાળી હતી!

■

મળવાનો મોકો ક્યારે ફરી વાર આવશે,
તારે તો યાર ક્યારે રવિવાર આવશે!

અઠવાડિયે તું એક દિવસ આવશે મગર,
યાદો તો તારી રોજ લગાતાર આવશે!

આવે છે તારી યાદો કદી એકલી તો ક્યાં
જખ્મોનો લઈને આખો પરિવાર આવશે!

ઉલ્લેખ તારો હોય ગઝલમાં ન ક્યાંય પણ,
એવી ગઝલમાં ક્યાંથી ભલીવાર આવશે!

આંસુનું કામ ભઠ્ઠીના દારૂની જેમ છે,
પરથમ ટીપાં ટપકશે ફરી ધાર આવશે!

પહેલી જ ઠેસ વાગી ને ભાંગી પડ્યો છે તું,
આ પ્રેમપંથ છે ઠેસ તો બેચાર આવશે!

ચાલો ગઝલમહેલમાં મળશું ખલીલને,
આગળ જતાં ખલીલનો દરબાર આવશે!

■

ન તકિયાની વાતો ન બિસ્તરની વાતો,
કદી બા'ર કરશો નહીં ઘરની વાતો!

બરાબરના મિત્રોની મહેફિલ ભરાશે,
પછી જામશે ત્યાં બરાબરની વાતો!

પછી જાન્યુઆરીમાં ભૂલી જવાશે,
નવેમ્બરની વાતો ડિસેમ્બરી વાતો!

મહોબ્બત, મિલન વ્યક્ત થાવા ન દેશો,
ભરી રાખો અંદર, એ અંદરની વાતો!

ગુમાવ્યું છે એણે તો અસ્તિત્વ આખું,
નદીને ન પૂછો સમન્દરની વાતો!

બધે હોઠ પર તાળાં લાગી ગયાં છે,
કહો કોણ કહેશે સિતમગરની વાતો!

ખલીલ આ રજાઈ લે ઓઢીને સૂઈ જા,
ભૂલી જા તું ફાટેલી ચાદરની વાતો!

■

એ હવા સ્પર્શી છે આંધીના અડપલા માફક,
આજ પરવત પણ ધ્રુજે છે તણખલા માફક!

દૂરથી અડકો શું, અડકોને અડકવા માફક,
હાથ પકડ્યો છે તો પકડોને પકડવા માફક!

આમ તો છાતીમાં ધબકારા નથી સંભળાતા,
દિલ તને જોઈને ધબકે છે ધબકવા માફક!

ઊંટની પીઠે ચડી બેસી ગયા સસલાજી,
કાચબો ઠૂમકા ભરી ચાલે કરચલા માફક!

પાછલાં વર્ષો જેના હૈયે હજી કણસે છે,
એમની ગઝલો ઝળાહળ છે કચકડા માફક!

ખેતરે મળવા જો આવો તો તરત દોડીને,
બાથમાં તમને ભરી લઉં હું કડપલા માફક!

સુખના હીંડોળે ખલીલ આજે જેણે બેસાડ્યો,
એ ખુદાએ શું ઘૂમાવ્યો છે ચકરડા માફક!

■

મારી પાસે છે કલમ, તારી કને તલવાર છે,
જોઈ લઈએ ચાલ, કોનામાં વધારે ધાર છે!

એટલે તો રાતદિન જલસા કર્યા છે ઉમ્રભર,
મારી પાસે દિલ છે, યાદો છે, મિલન છે, પ્યાર છે!

સંતવાણી હો કે ખુદ ઈશ્વરની વાણી હો ભલે,
પ્રેમનો સંદેશ ના હો તો કથા બેકાર છે!

પ્રેમ કાલે પણ હતો, આજે છે, કાલે પણ હશે,
પ્રેમની ખુદ્દારી સામે આ જગત લાચાર છે!

સપ્તાના સાતે દિવસ મારે શુકનવંતા જ છે,
મારે ક્યાં જોવું છે, મંગળવાર કે બુધવાર છે!

મારું ભૂંડું બોલનારાનું પ્રભુ રક્ષણ કરે,
મારે તો ક્યાં કોઈની સાથે કશી તકરાર છે!

આ હવાઓએ જ જાણીજોઈને મોડું કર્યું,
બાકી ખુશબૂ તો ખલીલ અહીં આવવા તૈયાર છે!

■

ન્યાયની રાખી જો ઇચ્છા તો તમે માર્યા જશો,
સ્હેજ પણ સાચું જો બોલ્યા તો તમે માર્યા જશો!

અજનબી સાથે વધારાના પરિચયથી બચો,
નામ-સરનામાં જો આપ્યાં તો તમે માર્યા જશો!

કારખાનામાં ગળે ફાંસો નહીં ખાવો પડે,
ખેતરો જાતે જો ખેડ્યાં તો તમે માર્યા જશો!

સગપણો તૂટે તો ગૂંથાઈ જશે પાછાં ફરી,
સાચા મિત્રોને જો છોડ્યા તો તમે માર્યા જશો!

હારી જાશો તો સગા ભાઈઓ પણ રાજી થશે,
બાજી જીતીને જો આવ્યા તો તમે માર્યા જશો!

એક રસ્તાનો હુકમ માનો, ઉલ્લંઘન ના કરો,
બદલાતા રહેશે જો રસ્તા તો તમે માર્યા જશો!

બસ ખલીલ આખું જીવન જલસા કર્યા છે તો હવે,
છોડી દેશો જો આ જલસા તો તમે માર્યા જશો!

■

તને પગમાં જ બસ છાલા પડ્યા છે,
મારે તો જૂતા પણ જખ્મી થયા છે!

મારે તો રોજ જલસા છે, મઝા છે,
તમે બોલો તમારી શી દશા છે!

મારી મુઠ્ઠીમાં નરદમ વાવાઝોડું,
તારી વાતો ઉપરછલ્લી હવા છે!

મિલન માટે બહાનાં જોઈએ બસ,
ન મળવાનાં બહાનાં તો ઘણા છે!

તમારું ઍરકન્ડિશન સલામત,
મારા ઉપર ઉનાળાની કૃપા છે!

મારી નિંદા કરે છે, કોણ છે એ,
અમુક મિત્રો અને થોડાં સગાં છે!

અમસ્તું ભૂલથી મેં ફૂલ સૂંઘ્યું,
મારા પર ત્યારથી ખુશ્બૂ ખફા છે!

ખલીલ આપણને દરિયો ઓળખે છે,
એ જાણે છે સુકાની ખુદ ખુદા છે!

■

તારા ભીના બદનની ખુશબૂ ચાહે છે બગીચો,
તારા પરસેવાની ખેરાત માગે છે બગીચો!

નિયમ કેવો છે, આ કેવી રસમ ચાલી પડી છે,
નિરાંતે ઊંઘે છે માળી ને જાગે છે બગીચો!

હવામાં ધાકધમકી છે, નશો છે કે છે જાદુ
બધાં ફૂલો ધરૂજે છે કે નાચે છે બગીચો!

તારા પાલવમાં ફૂલો, કાંડે ગજરો, માથે વેણી,
તમે ચાલો તો લાગે છે કે ચાલે છે બગીચો!

પતંગિયું ફૂલ સમજી તમને ચૂમી લેશે હોં જોજો,
તમારા ઘરના રસ્તે વચ્ચે આવે છે બગીચો!

હજી પણ ક્યાં ઘણા લોકોને ફૂલોની કદર છે,
બગીચાને જે જાણે એ જ જાણે છે બગીચો!

બધે સુંદરતા છે લેકિન સમસ્યા તો છે દૃષ્ટિની,
ખલીલ આપણને તો વગડોય લાગે છે બગીચો!

દિલનું પંખી ઊડતું ઊડતું ક્યાંક ઊતરશે ફરી,
કોઈ એની પાંપણોની જાળ પાથરશે ફરી!

એમની યાદોના લાંબા નખ તું કાપી નાખજે,
એ તારા રૂઝાયેલા જખ્મોને ખોતરશે ફરી!

'સંભવામી'નો અરથ સંભાવના પૂરતો જ છે,
તો ય સૌને આશ છે કે કૃષ્ણ અવતરશે ફરી!

હું જો પૂછું, શું કહે છે તારા દિલનો મોરલો,
દિલની દીવાલે તરત એ ટહુકો ચીતરશે ફરી!

પ્રેમમાં પ્રારંભ અને મધ્યાન્તર ચાલ્યા કરે,
કોક જણ મબલક પલળશે કોઈ નીતરશે ફરી!

પ્રેમ સામેથી મળે તો જખ્મ સૌ ભૂલી જશે,
દિલ બહુ ભોળું છે મારું કોઈ છેતરશે ફરી!

લો ખલીલ આ એમની યાદોને ઠેકાણે કરો,
એ તમારી ઊંઘને મધરાતે આંતરશે ફરી!

■

કેટલી લાંબી હતી એ બે ઘડીની વારતા,
બે ઘડીમાં વાંચી નાખી મેં સદીની વારતા!

આ બધા છે ભદ્ર લોકો તું કશું બોલીશ નહીં,
ક્યાં ફરિશ્તા સમજી શકશે માનવીની વારતા!

એમણે નાહીને છત પર વાળ ઝાટક્યા હશે,
આ ગલી લગ દોડી આવી એ ગલીની વારતા!

કોઈનાં કાંડા સુધી પહોંચે ફક્ત બસ એટલે,
મેં જ મીંઢળને કહી નાડાછડીની વારતા!

પાણીનું ટીપું તો શેનું આંખમાં આંસુ નથી,
કોણ જઈ દરિયાને સંભળાવે નદીની વારતા!

બસ ખલીલ આજે બહુ મોડું થયું તું સૂઈ જા,
કાલ પૂરી કરજે ત્યાંથી ત્યાં લગીની વારતા!

■

જીવું હું સો વરસ માની દુવા છે,
દુવા લાચાર ઘડપણની સજા છે!

ચલો સારું થયું તેં સ્મિત આપ્યું,
મને લાગ્યું તું મારાથી ખફા છે!

ભરી મહેફિલમાં હું શોધું છું રોનક,
અહીં બસ તું નથી બાકી બધા છે!

ગઝલ લખવી ખરેખર છે હુનર, પણ,
ગઝલ સાંભળવી એ બીજી કલા છે!

મહોબતને રમકડું ના સમજશો,
મહોબત સાવ લોઢાના ચણા છે!

ખલીલ આપણને જે સૂઝે તે કરવું,
ને એ માટે હવે રસ્તા ઘણા છે!

■

ગઝલ તો ક્યાંય આ આખી ય ડાયરીમાં નથી,
તમે કવિ છો પણ મારી બિરાદરીમાં નથી!

કલમ છે, શબ્દો છે, કાગળ છે ને તમે ય ખરા,
કહો કે કોણ મારી સેવાચાકરીમાં નથી!

કદાચ આપણાં બંનેમાં પ્રેમ જાગ્યો છે,
મને ભરોસો છે પણ તારી ખાતરીમાં નથી!

હવા જ બારણું ફંફોસી ક્યાંક સરકી ગઈ,
મેં જોયું ખોલીને તો કોઈ ઓસરીમાં નથી!

ખલીલ આપણું માણસપણું જ પૂરતું છે,
એ વાત મુલ્લા કે પંડિત કે પાદરીમાં નથી!

■

મેં ક્યાં કહ્યું કે સ્હેજ દિલાસો મને આપો,
દિલ તૂટે એવો જોરથી ઝટકો મને આપો!

પાણીના રેલા જેવો વહ્યો ભીડની વચ્ચે,
કોઈને પણ કહ્યું નથી, રસ્તો મને આપો!

સામે સમયના હાથમાં છો ને રહ્યો પથ્થર,
ઘટના કહે છે લાવો અરીસો મને આપો!

અજવાળા માટે જાતને પ્રગટાવતાં શીખો,
ક્યાં આગિયો કહે છે કે દીવો મને આપો!

પાણીની લાલસાએ તો ડૂબી ઘણી નદીઓ,
ફરિયાદ ક્યાં છે રણને કે દરિયો મને આપો!

પાગલની સામે આયનો કોણે ધરી દીધો,
કહેતો ફરે છે મારો એ ચ્હેરો મને આપો!

જેમાં હું મારી મરજી મુજબ શોખથી જીવું,
લાવો ખલીલ મારી એ દુનિયા મને આપો!

■

કાંઈ સમજાતું નથી મીઠી નજર હોવા છતાં,
એ મને જોયાં કરે આંખોમાં ડર હોવા છતાં!

આવતી જાતી નવી મોસમ મને પૂછે હજી,
કેમ લીલાછમ રહ્યા છો, પાનખર હોવા છતાં!

પ્રેમના દરિયામાં તરવૈયા ઘણા ડૂબી ગયા,
તો ય અમે કૂદી પડ્યા, અમને ખબર હોવા છતાં!

એ જશે તો ઘરની રોનક પણ જશે નો’તી ખબર,
પારકું લાગે છે ઘર, મારું જ ઘર હોવા છતાં!

હું રડું, એવું રડો તો કાળજું તૂટી પડે,
અશ્રુ ના છલકાય આંખો તર બ તર હોવા છતાં!

જિન્દગીને પણ શિકાયત નહિ કરું જીવી લઈશ,
એષણા ઘાયલ ને જખ્મી દિલ જિગર હોવા છતાં!

હું ખલીલ ઑફિસની ચિંતાઓથી પરવારું પછી,
ક્યાં ઘરે જલ્દી ગયો ઘરની ફિકર હોવા છતાં!